Page No.

Date : / /

# સંખ્યા - ૨૧ થી 30 અંક અને શબ્દમાં

| | |
|---|---|
| ૨૧- એકવીસ | ૨૧- એકવીસ |
| ૨૨- બાવીસ | ૨૨- બાવીસ |
| ૨૩- ત્રેવીસ | ૨૩- ત્રેવીસ |
| ૨૪- ચોવીસ | ૨૪- ચોવીસ |
| ૨૫- પચ્ચીસ | ૨૫- પચ્ચીસ |
| ૨૬- છવ્વીસ | ૨૬- છવ્વીસ |
| ૨૭- સત્તાવીસ | ૨૭- સત્તાવીસ |
| ૨૮- અઠ્ઠાવીસ | ૨૮- અઠ્ઠાવીસ |
| ૨૯- ઓગણત્રીસ | ૨૯- ઓગણત્રીસ |
| 30- ત્રીસ | 30- ત્રીસ |

07-2026

→ નિબંધ - વાઘ [નોટબુક]

વાઘ જંગલમાં રહે છે. વાઘ એક ખૂંખાર જંગલી પ્રાણી છે. વાઘના દાંત અણીદાર હોય છે. વાઘ ખૂબ જ શક્તિશાળી જંગલી પ્રાણી છે. વાઘ નાના અને મોટા પ્રાણીઓનો શિકાર કરે છે. વાઘ જોવામાં તમને ખૂબ શાંત લાગે છે. પણ ખૂબ હોશિયાર હોય છે. વાઘનું વજન વધુ હોવા છતાં તે કલાકના ૬૦ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે.

* વ્યાકરણ :- સર્વનામ [નોટબુક]

→ વ્યાખ્યા :- નામને બદલે વપરાતા શબ્દને 'સર્વનામ' કહે છે.

* ઉ.દા.
મારું, તારું, હું, તું, તેને, તે, તને, તમારું, તેનું, અમે, તમે, તમને, અમને, આપણે, અમારું, તેઓનું વગેરે સર્વનામના રૂપો છે.

* વાક્યો

૧. તમારે કયા ઉતાવળ છે?
૨. ચાલો, આપણે રમવા જઈએ.
૩. તમારું નામ શું છે?
૪. હું પણ નહી લઉં.
૫. તે એક પળ માટે અવાચક થઈ ગઈ.
૬. તેણીનું નિશાન બરાબર લાગ્યું હતું.
૭. તેની પાસે એકસરખી ત્રણ ઢીંગલીઓ હતી.

PAGE No.
DATE

# પાઠ- ૪ સમયનું મહત્ત્વ

* શબ્દાર્થ [નોટબુક]

- સાગર - સમુદ્ર
- પળ-પળ - ક્ષણ
- મહત્ત્વ - કિંમત
- કણ-કણ - નાનાથી નાના ટુકડા
- યુગ - બહુ લાંબો સમય
- બુદ્ધિમાન - હોશિયાર

* શ્રુતલેખન [નોટબુક]

① ઘર
② સાગર
③ ફૂલ
④ યુગ
⑤ જળ
⑥ સુંદર
⑦ મારી
⑧ ઈંટ
⑨ સમય
⑩ પૃથ્વી

PAGE No. DATE

* મૌખિક પ્રશ્નોનાં જવાબ આપો. [નોટબુક]

① ઘણાં બધાં ફૂલો મળવાથી શું બને છે ?

જ. ઘણાં બધાં ફૂલો મળવાથી ગુલદસ્તો બને છે.

② ઘર કેવી રીતે બને છે ?

જ. ઘણી બધી ઈંટોને એક-બીજા સાથે જોડવાથી એક સુંદર ઘર બને છે.

③ પળ-પળ જોડાવાથી શું બને છે ?

જ. પળ-પળ જોડાવાથી યુગ બને છે.

④ બુદ્ધિમાન કોણ કહેવાય છે ?

જ. સમયનું મૂલ્ય સમજનાર બુદ્ધિમાન કહેવાય છે

PAGE No.
DATE

* લેખિત પ્રશ્નોનાં જવાબ લખો. [નોટબુક]

(1) ગુલદસ્તો એટલે શું ?

જ. ઘણાં બધાં ફૂલોના ગુચ્છાને ગુલદસ્તો કહે છે.

(2) જળના અનેક બિંદુઓ મળી જાય તો શું બની શકે છે ?

જ. જળના અનેક બિંદુઓ મળી જાય તો સાગર બની જાય છે.

(3) પળ અને યુગમાં શું અંતર છે ?

જ. પળ સમયનો નાનો હિસ્સો છે. અને યુગ ઘણો લાંબો સમય છે.